પેજ 3

## દુબઈમાં સલમાન ખાનના કાર્યક્રમમાં ભીડ બેકાબૂ થતાં અફરાતફરી મચી ગઈ



દુબઈ, તા. 7: દુબઈના એક કાર્યક્રમમાં સલમાન ખાનની હાજરીથી ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સુપરસ્ટારના આગમનના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સુરક્ષા કર્મચારીઓને ભીડ પર કાબૂ મેળવવામાં ભારે તકલીફ પડી હતી. સલમાન ખાન અને તેમના વિશાળ ચાહકોનો વર્ગ એક મોટી તાકાત તરીકે ઉભરી આવ્યો છે. તાજેતરમાં, બોલિવૂડના ભાઈજાનનું દુબઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે એક લોન્ચ ઈવેન્ટ માટે પહોંચતાં જ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના વાયરલ વીડિયોઝમાં સેંકડો ફેન્સ સલમાનની એક ઝલક મેળવવા માટે સ્થળ પર રાહ જોતા જોવા મળ્યા હતા. ભીડ એટલી વધી ગઈ હતી કે કથિત રીતે એન્ટ્રી પણ બંધ કરી દેવી પડી હતી.

## અનુષ્કા શર્માએ મુંબઈમાં રૂ. 26 કરોડમાં બે ફ્લેટ ખરીદ્યા



મુંબઈ, તા. 7: બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા ભલે ફિલ્મો અને ફિલ્મી ઇવેન્ટ્સથી દૂર હોય, પરંતુ તે ફાઇનાન્શિયલી સતત એક્ટિવ છે. વિરાટ કોહલીનું નામ તાજેતરમાં પ્રેમાનંદ મહારાજ સાથે જોડાયેલી કન્ટ્રોવર્સીમાં આવ્યું હતું કે તેમને આશ્રમ જવા માટે 5 કરોડ આપવામાં આવ્યા છે. જોકે, તેઓ આ મુદ્દે મૌન છે. આ દરમિયાન હવે અનુષ્કા શર્માએ એક જબરદસ્ત ડીલ ફાઇનલ કરી છે. રિયલ એસ્ટેટ ડેટા એનાલિટિક્સ ફર્મ સીઆરઈ મેટ્રિક્સ અનુસાર, અનુષ્કા શર્મા અને તેના માતા-પિતા, આશિમા અને અજય કુમાર શર્માએ મુંબઈના વર્સોવા સ્થિત બે ફ્લેટ કુલ રૂ.25.80 કરોડમાં ખરીદ્યા છે. બંને એગ્રીમેન્ટ 8 જુલાઈ, 2026ના રોજ રજિસ્ટર થયા હતા.

## મિથુન ચક્રવર્તી બન્યા પશ્ચિમ બંગાળના સાંસ્કૃતિક સલાહકાર, કેબિનેટ મંત્રીનો દરજ્જો



કોલકાતા, તા. 7 (પીટીઆઈ): એક નોટિફિકેશન મુજબ, બુધવારે પીઢ અભિનેતા અને ભાજપના નેતા મિથુન ચક્રવર્તીને કેબિનેટ મંત્રીના દરજ્જા સાથે પશ્ચિમ બંગાળ સરકારના સાંસ્કૃતિક સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ નિયુક્તિ માહિતી અને સાંસ્કૃતિક બાબતોના વિભાગમાં તાત્કાલિક અસરથી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ તાજેતરમાં ચક્રવર્તીને રાજ્ય સરકારના સાંસ્કૃતિક સલાહકાર બનાવવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

## કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રા બનશે બીજી વાર માતા-પિતા



મુંબઈ, તા. 7 : કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાએ સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે તેઓ તેમના બીજા બાળકનાં માતા-પિતા બનવાના છે. આ જાહેરાત 7 ઓક્ટોબર, 2026ના રોજ સંયુક્ત ઇન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા કરવામાં આવી હતી. કિયારાએ ઇન્સ્ટાગ્રામ પર ખુશખબર શેર કરતાં લખ્યું, "ફરી એક વાર સૌથી મોટી ભેટના આશીર્વાદ મળ્યા. અમારા હૃદય પ્રેમ અને કૃતજ્ઞતાથી ભરાઈ ગયા છે." આ જાહેરાતને મિત્રો અને ફિલ્મ ઉદ્યોગના સભ્યો તરફથી પ્રેમ અને અભિનંદન સંદેશાઓનો ભારોભાર પ્રતિસાદ મળ્યો. કરીના કપૂર ખાન, કરણ જોહર, આથિયા શેટ્ટી, ડિઝાઇનર મનીષ મલ્હોત્રા અને અભિનેત્રી ભૂમિ પેડનેકર અન્ય લોકોમાં સામેલ હતા જેમણે કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાને તેમનો પ્રેમ અને શુભેચ્છાઓ મોકલી. કિયારા અડવાણી અને તેમના પતિ સિદ્ધાર્થ મલ્હોત્રાને ત્યાં ૧૫ જુલાઈ, ૨૦૨૫ના રોજ તેમના પ્રથમ સંતાન પુત્રી સરાયાનો જન્મ થયો હતો.

## યુએસમાં ભારતીય મૂળના ફિલ્મમેકર અરાફત શેખની આઈસીઈએ અટકાયત કરી

વોશિંગ્ટન, તા. 7 (PTI) યુએસની ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (આઈસીઈ) દ્વારા ભારતીય મૂળના ફિલ્મમેકર અરાફત શેખને અહીંના ડુલેસ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આગમન પર અટકાયતમાં લેવામાં આવ્યા છે. એમ તેમની મુક્તિની માંગણી કરતી એક કેમ્પેને જણાવ્યું છે. વર્જિનિયાના એલેક્ઝેન્ડ્રિયામાં રહેતા શેખને 24 સપ્ટેમ્બરના રોજ આઈસીઈ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા, તેમ 'ફ્રી અરાફત શેખ' કેમ્પેને જણાવ્યું હતું. તેણે દાવો કર્યો હતો કે શેખ જ્યોર્જિયા સ્ટેટ યુનિવર્સિટીમાં ફિલ્મ અભ્યાસ કરવા માટે વિદ્યાર્થી વિઝા પર યુએસમાં છે અને તેમની ઇમિગ્રેશન અરજી પેન્ડિંગ છે. ઓનલાઇન શરૂ કરાયેલા કેમ્પેને જણાવ્યું હતું કે, ફ્લાઇટમાંથી બહાર આવતાંની સાથે જ શેખને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. તેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, આઈસીઈ એજન્ટોએ તેમના ઇમિગ્રેશન દસ્તાવેજો રજૂ કરવા છતાં તેમને કસ્ટડીમાં લીધા હતા.

## સારી ફિલ્મ બનાવો અને ફરી છબી સુધારો": રાજપાલ યાદવને સુપ્રીમ કોર્ટની સલાહ



નવી દિલ્હી, તા. 7: એક સારી મૂવી બનાવો, ફરીથી લોકોને મનોરંજન પૂરું પાડો અને તમારી છબી ફરીથી બનાવો, સુપ્રીમ કોર્ટે બુધવારે અભિનેતા રાજપાલ યાદવને કહ્યું, કારણ કે તેણે લાંબા સમયથી ચાલતા ચેક બાઉન્સ કેસના મામલામાં ચૂકવેલી 1.15 કરોડ રૂપિયાની રકમની નોંધ લીધી. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચી તથા વી. મોહનાની બનેલી બેન્ચે નોંધ્યું કે, તેના છેલ્લા આદેશ અનુસાર, યાદવે 1.15 કરોડ રૂપિયા જમા કરાવ્યા છે. ટોચની કોર્ટને યાદવના વકીલ દ્વારા એમ પણ જણાવવામાં આવ્યું કે, તેમને તેમની મિલકતના એવા સંભવિત ખરીદદાર મળી ગયા છે જેઓ આગામી 12 ઓક્ટોબર સુધીમાં રજિસ્ટ્રીમાં ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા 85 લાખ રૂપિયા જમા કરવા તૈયાર છે. સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે ટિપ્પણી કરી કે, તે યાદવના વર્તનથી સંતુષ્ટ નથી, પરંતુ તે માત્ર અભિનેતાને રાહતનો સમય આપી રહી છે. વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેલ યાદવે રજૂઆત કરી કે તેમને તેમની ફિલ્મ 'અતા પતા લાપતા'ને કારણે નાણાકીય નુકસાન સહન કરવું પડ્યું હતું.

## 'રામાયણ'ના નિર્માતા નામિત મલ્હોત્રાની ઓફિસ પર આઈટીના દરોડા

મુંબઈ, તા. 7: ઇન્કમ ટેક્સ વિભાગે 7 ઓક્ટોબરના રોજ 'રામાયણ'ના નિર્માતા નામિત મલ્હોત્રાની આગેવાની હેઠળની કંપની પ્રાઇમ ફોકસ લિમિટેડની મુંબઈ સ્થિત ઓફિસોમાં સર્ચ હાથ ધર્યું હોવાના અહેવાલ છે. રણબીર કપૂર અને સાઈ પલ્લવી સ્ટારર અને નિતેશ તિવારીની બહુપ્રતીક્ષિત પૌરાણિક મહાકાવ્ય ફિલ્મના રિલીઝના એક મહિના કરતાં પણ ઓછા સમય પહેલાં બનેલી આ ઘટનાએ કંપનીના નાણાકીય વ્યવહારો તરફ ફરી ધ્યાન ખેંચ્યું છે. અહેવાલ અનુસાર, આ દરોડા વિદેશી રેમિટન્સ (વિદેશી નાણાકીય ટ્રાન્સફર) સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે. જોકે, તપાસ હેઠળના ચોક્કસ વ્યવહારો અથવા આવકવેરા વિભાગની કાર્યવાહીના વ્યાપ અંગે હજી સુધી કોઈ સત્તાવાર ખુલાસો કરવામાં આવ્યો નથી. આ ઘટનાની કંપનીના શેર પર પણ તાત્કાલિક અસર જોવા મળી હતી, જેમાં 7 ઓક્ટોબરના રોજ સવારના ટ્રેડિંગ દરમિયાન પ્રાઇમ ફોકસના શેરમાં લગભગ 8 ટકાનો ઘટાડો નોંધાયો હતો.



» બ્રિટનના શેપ્ટન માલેટ સ્થિત 'બાથ એન્ડ વેસ્ટ શોગ્રાઉન્ડ' ખાતે આયોજિત 'ડેરી શો' દરમિયાન ઉત્તમ ગુણવત્તા ધરાવતા પશુઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. ડેરી ફાર્મર્સ અને પશુપાલકો માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા આ વાર્ષિક કાર્યક્રમમાં વ્યાપારી પ્રદર્શનની સાથે શ્રેષ્ઠ ઓલાદના પશુઓના પ્રદર્શનનું સુંદર સંયોજન જોવા મળી રહ્યું છે.

# કાળા સમુદ્રમાં તેલના ટેન્કર પર ડ્રોન હુમલો: તમામ 23 ભારતીયો સુરક્ષિત

**રશિયા** પાસે સોચી કિનારે 'એફ્રામેક્સ રિયો' જહાજ પર હુમલા બાદ ક્રૂડ ઓઈલમાં આગ લાગી

**આંતરરાષ્ટ્રીય** જળમાર્ગો પર વાણિજ્યિક જહાજો પરના હુમલા સામે વિદેશ મંત્રાલયે ગંભીર ચિંતા વ્યક્ત કરી

મોસ્કો, તા. 7 (પીટીઆઈ): રશિયાના કાળા સમુદ્ર (બ્લેક સી ના કિનારે લાઈબેરિયાના ધ્વજ ધરાવતા 'એફ્રામેક્સ રિયો' નામના ક્રૂડ ઓઈલ ટેન્કર પર ડ્રોન બોટો દ્વારા થયેલા ભીષણ હુમલો થયો હતો જોકે તેમાં સવાર તમામ 23 ભારતીય ક્રૂ મેમ્બર્સને બચાવી લેવામાં આવ્યા છે.

રશિયન પરિવહન મંત્રાલયે આપેલી માહિતી મુજબ, આ ટેન્કરમાં સવાર તમામ 23 નાગરિકો ભારતીય હતા અને પ્રાથમિક માહિતી અનુસાર આ તમામ ભારતીય ખલાસીઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે તથા કોઈને પણ ઈજા પહોંચી નથી. આ બનાવ રશિયાના પ્રખ્યાત રિસોર્ટ શહેર સોચી નજીક કાળા સમુદ્રમાં ઘટી હતી. અ માનવરહિત બોટો દ્વારા કરવામાં આવેલા હુમલાને કારણે ટેન્કરમાં રહેલા તેલમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગ એટલી વિરાટ હતી કે શરૂઆતમાં બચાવ જહાજો માટે ટેન્કરની નજીક પહોંચવું પણ અશક્ય બની ગયું હતું. સુરક્ષા અને સાવચેતીના ભાગરૂપે સોચીના મેયર એન્દ્રે પ્રોશુનિને શહેરના દરિયા કાંઠા અને બીચ પર નાગરિકોની અવરજવર પર કામચલાઉ પ્રતિબંધ મૂકી દીધો હતો. રશિયા-યુક્રેન યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર વાણિજ્યિક જહાજો પર વધી રહેલા હુમલા સામે ભારતના વિદેશ મંત્રાલયે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. મંત્રાલયે કહ્યું છે કે આવા હુમલા વૈશ્વિક વેપાર અને ખલાસીઓની સુરક્ષા માટે જોખમી છે, તેથી શાંતિ અને વાટાઘાટો દ્વારા આ વિવાદનો ઉકેલ લાવવો જોઈએ.

# IIT એડમિશન ટ્રેન્ડ: ટોપ 500માંથી 365 વિદ્યાર્થીઓની પહેલી પસંદ કમ્પ્યુટર સાયન્સ

**શ્રેષ્ઠ** 500માંથી 183 વિદ્યાર્થીઓએ આઈઆઈટી બોમ્બેમાં, 115 વિદ્યાર્થીઓએ આઈઆઈટી દિલ્હીમાં પ્રવેશ લીધો

**એઆઈ** અને ડેટા એનાલિટિક્સ માટે માત્ર 17 વિદ્યાર્થીઓ; સિવિલમાં માત્ર બે જ્યારે એરોસ્પેસમાં એક પણ વિદ્યાર્થીએ રસ ન દાખવ્યો

**છ વર્ષમાં** પહેલીવાર 10,000થી વધુ છોકરીઓ ક્વોલિફાય

નવી દિલ્હી, તા. 7 (પીટીઆઈ): આઈઆઈટી (આઈઆઈટી)માં પ્રવેશ માટે લેવાતી સંયુક્ત પ્રવેશ પરીક્ષા જેઈઈ-એડવાન્સ્ડ 2026માં ટોપ રેન્ક મેળવનારા વિદ્યાર્થીઓ માટે કમ્પ્યુટર સાયન્સ એન્જિનિયરિંગ (સીએસઈ) પ્રથમ પસંદગી બની રહ્યું છે.

આ વર્ષે આયોજક સંસ્થા આઈઆઈટી રૂડકી દ્વારા જાહેર કરાયેલા જોઈન્ટ ઈમ્પ્લીમેન્ટેશન કમિટી (જેઆઈસી)ના અહેવાલ મુજબ, દેશના ટોચના 500 રેન્ક હોલ્ડર્સમાંથી 365 વિદ્યાર્થીઓએ કમ્પ્યુટર સાયન્સ કોર્સ પસંદ કર્યો છે, જ્યારે આઈઆઈટી બોમ્બે વિદ્યાર્થીઓની સૌથી પ્રિય સંસ્થા તરીકે અકબંધ રહી છે.

આંકડાઓ મુજબ, શ્રેષ્ઠ 500માંથી 183 વિદ્યાર્થીઓએ આઈઆઈટી બોમ્બેમાં પ્રવેશ મેળવ્યો છે, જેમાં માત્ર આઈઆઈટી બોમ્બેની કમ્પ્યુટર સાયન્સ શાખામાં જ 142 વિદ્યાર્થીઓ જોડાયા છે. આ સિવાય 115 વિદ્યાર્થીઓએ આઈઆઈટી દિલ્હી, 78 વિદ્યાર્થીઓએ આઈઆઈટી મદ્રાસ, 49 વિદ્યાર્થીઓએ આઈઆઈટી કાનપુર અને 40 વિદ્યાર્થીઓએ આઈઆઈટી ખડગપુરમાં પ્રવેશ લીધો છે. ટોચના 100 રેન્કર્સમાંથી 68 વિદ્યાર્થીઓએ આઈઆઈટી બોમ્બે અને 18 વિદ્યાર્થીઓએ આઈઆઈટી દિલ્હી પર પસંદગી ઉતારી હતી.

બીજી તરફ, ટોચના 500 રેન્કર્સમાંથી માત્ર બે જ વિદ્યાર્થીઓએ સિવિલ એન્જિનિયરિંગ પસંદ કર્યું હતું, જ્યારે એરોસ્પેસ એન્જિનિયરિંગમાં એક પણ પ્રવેશ થયો નથી. આ સિવાય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને ડેટા એનાલિટિક્સ જેવા નવા કોર્સિસ માત્ર 17 વિદ્યાર્થીઓએ પસંદ કર્યા છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે 2026ની જેઈઈ-એડવાન્સ્ડ પરીક્ષામાં મહિલા ઉમેદવારોએ શ્રેષ્ઠ સફળતા દર પ્રાપ્ત કર્યો છે, જેમાં છ વર્ષમાં પ્રથમ વખત ક્વોલિફાય થનારી મહિલા ઉમેદવારોની સંખ્યા 10,000નો આંકડો વટાવી ગઈ છે. ઉલ્લેખનીય છે કે 17 મેના રોજ યોજાયેલી આ પરીક્ષામાં 1,79,694 વિદ્યાર્થીઓ બેઠા હતા, જેમાંથી 1 જૂને જાહેર થયેલા પરિણામમાં 56,880 ઉમેદવારો ક્વોલિફાય થયા હતા.

# આકાશવાણી ભવનમાં ઘૂસવા બદલ રાહુલ ગાંધી સામે એફઆઈઆર

**મારી** સામેની દરેક એફઆઈઆર મારા માટે એક મેડલ છે: રાહુલ

નવી દિલ્હી, તા. 7 (PTI) - મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) સામે વિપક્ષના મોરચા દરમિયાન આકાશવાણી ભવનમાં કથિત રીતે બળજબરીથી ઘૂસવા બદલ દિલ્હી પોલીસે કોંગ્રેસ નેતાઓ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને તેમના સમર્થકો સામે એફઆઈઆર નોંધાવી છે. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

દિલ્હી પોલીસના અધિકારીઓએ જણાવ્યું કે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, તેમના સમર્થકો અને તેમની સાથેના અન્ય સાંસદો વિરુદ્ધ ફરિયાદ મળ્યા બાદ સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે, પરંતુ પોલીસે એફઆઈઆરમાં કઈ ચોક્કસ કલમો/આરોપો છે તે જાહેર કર્યા નથી.

આરોપ છે કે, તેઓ મંજૂરી વગર આકાશવાણી ભવન પરિસરમાં ઘૂસી ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે, આકાશવાણી ભવનના બે રક્ષકો, જેઓ કોંગ્રેસના સાંસદો અને તેમના સમર્થકો દ્વારા પરિસરમાં બળજબરીથી ઘૂસવાના પ્રયાસ દરમિયાન કથિત રીતે ઘાયલ થયા હતા, તેમની મેડિકો-લીગલ તપાસ કરવામાં આવી હતી. ધરણાં-પ્રદર્શન દરમિયાન કેટલીક દીવાલો કથિત રીતે ક્ષતિગ્રસ્ત થયા બાદ પોલીસે આકાશવાણી ભવન પરિસરમાં તસવીરો પણ લીધી છે. ઓલ ઈન્ડિયા રેડિયો (એઆઈઆર) પરિસરમાં ઘૂસવા અને ત્યાં 8 કલાકના ધરણાં કરવા બદલ પોતાની સામે એફઆઈઆર નોંધાવા અંગે પૂછવામાં આવતાં ગાંધીએ કહ્યું, "મારી સામે 45 એફઆઈઆર છે. મારું લક્ષ્ય છે કે મારી સામે 100 એફઆઈઆર થવી જોઈએ. મારી સામેની દરેક એફઆઈઆર મારા માટે એક મેડલ છે."

# નેપાળના કેટલાક ભાગોમાં ભારે વરસાદ

**પશ્ચિમમાં** અનેક જિલ્લાઓમાં અચાનક પૂરનું જોખમ

કાઠમંડુ, તા. 7 (પીટીઆઈ): બુધવારે નેપાળના કેટલાક ભાગોમાં ભારે વરસાદ નોંધાયો હતો, જેના કારણે સત્તાવાળાઓએ પશ્ચિમના અનેક જિલ્લાઓમાં જળસ્તર વધવાની અને નાની નદીઓમાં અચાનક પૂર આવવાની ચેતવણી આપી હતી. જળવિજ્ઞાન અને હવામાન વિભાગની પૂર પૂર્વચેતવણી પ્રણાલીએ જણાવ્યું હતું કે, અર્ઘાખાંચી જિલ્લાના સિમાલપાની જળ માપન કેન્દ્ર પર ત્રણ કલાકમાં 84.4 મિમી વરસાદ નોંધાયો હતો અને ચેતવણી આપી હતી કે, આ વિસ્તાર અને આસપાસના પ્રદેશોમાં નાની નદીઓમાં પાણીનું સ્તર વધી શકે છે.

વિભાગે એમ પણ જણાવ્યું હતું કે બાંકે અને બર્દિયા જિલ્લાના અનેક સ્થળોએ ત્રણ કલાક દરમિયાન મધ્યમથી ભારે વરસાદ નોંધાયો હતો, જેમાં નાની નદીઓમાં જળસ્તર વધવાની અને અચાનક પાણીના પ્રવાહની શક્યતા અંગે ચેતવણી આપવામાં આવી હતી.

એક અલગ ચેતવણીમાં વિભાગે જણાવ્યું હતું કે ધારચુલા, બૈતડી, બાઝહાંગ, ડોટી, દાદેલધુરા, બાંકે, બર્દિયા, કૈલાલી અને કંચનપુર તથા આસપાસના વિસ્તારોમાં નાની નદીઓમાં અચાનક પૂર આવવાનું મધ્યમ જોખમ રહેલું છે.

દેશના અન્ય કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદ થયો છે. નેપાળના રાષ્ટ્રીય પ્રસારણકર્તા રેડિયો નેપાળે હવામાનશાસ્ત્રીઓને ટાંકીને જણાવ્યું હતું કે ચિત્વન, પાલપા અને કૈલાલીમાં ભારે વરસાદ થયો હતો, જ્યારે નવલપુર, તનાહુ, ગોરખા, અર્ઘાખાંચી અને રુપંદહીમાં વાવાઝોડા અને વીજળી પડવાના અહેવાલ મળ્યા હતા.

# યુરોપિયન પાર્લામેન્ટમાં ટ્રમ્પને વસ્ત્રહીન દર્શાવતું સોનાનું પૂતળું

**ટેરિફની** ધમકીઓ અને યુક્રેન મુદ્દે મતભેદો વચ્ચે ફ્રાન્સના સ્ટ્રાસબર્ગમાં આ પૂતળાનું પ્રદર્શન યુએસ યુરોપ વચ્ચે વધુ વિવાદ ઉભો કરે છે




પેરિસ, તા. 7: ફ્રાન્સના સ્ટ્રાસબર્ગ સ્થિત યુરોપિયન પાર્લામેન્ટ બિલ્ડિંગમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું અપમાનજનક અને વ્યંગાત્મક સોનાનું સ્ટેચ્યુ પ્રદર્શિત કરવામાં આવ્યું છે. 'ઓરેન્જ પ્લેગ' અને 'કિંગ ઓફ ઈનજસ્ટિસ' નામના આ 8.5 ફૂટ ઊંચા અને 23-કેરેટ ગોલ્ડ લીફથી મઢેલા સ્ટેચ્યુમાં ટ્રમ્પને જાડા, વસ્ત્રહીન અને એક નાના માણસના ખભા પર બેસેલા દર્શાવાયા છે. ડેનિશ કલાકાર જેન્સ ગાલશિયટે ટ્રમ્પની પર્યાવરણ વિરોધી નીતિઓ અને પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી હટી જવાના નિર્ણય સામે વિરોધ નોંધાવવા આ મૂર્તિ બનાવી છે. આ કલાકૃતિ યુએસ અને યુરોપિયન યુનિયન (ઈયુ) વચ્ચેના પહેલેથી જ તણાવપૂર્ણ સંબંધોમાં વધુ વિવાદ ઊભો કરે છે. ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' નીતિ, ટેરિફની ધમકીઓ અને યુક્રેન મુદ્દે યુરોપિયન નેતાઓ સાથેના મતભેદોને કારણે બંને વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. આ સ્ટેચ્યુને પ્રદર્શિત કરનાર ડાબેરી રાજકારણી પેર ક્લોસેને જણાવ્યું હતું કે જો કોઈ આટલી નાની બાબત સહન ન કરી શકે તો તેનું વિશ્વ મંચ પર કોઈ સ્થાન નથી. આ મૂર્તિ અગાઉ સીઓપી30 પરિષદમાં પણ દર્શાવવામાં આવી હતી.

# લોસ એન્જલસ એરપોર્ટ પર ટેક્સીવે પર બે વિમાનો વચ્ચે ટક્કર



લોસ એન્જેલસ, તા. 7: લોસ એન્જલસ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મંગળવારે સવારે ટેક્સીવે પર એક મોટો વિમાન અકસ્માત ટળ્યો હતો. અહીં ડેલ્ટા એરલાઈન્સનું વિમાન ટોક્યો તરફ જવા રવાના થઈ રહ્યું હતું ત્યારે તેનો ડાબો પંખો નજીકમાં જઈ રહેલી એર કેનેડાની ફ્લાઈટના પાછળના ભાગ સાથે અથડાઈ ગયો હતો. આ ઘટના સમયે ડેલ્ટા વિમાનમાં 275 મુસાફરો અને 15 ક્રૂ મેમ્બર્સ સવાર હતા.

સદભાગ્યે, આ નાની ટક્કરમાં કોઈને પણ ઈજા પહોંચી ન હતી અને તમામ મુસાફરો સુરક્ષિત રહ્યા હતા. ડેલ્ટા એરલાઈન્સે આ બનાવ અને વિલંબ બદલ ગ્રાહકોની માફી માગી હતી અને મુસાફરોની સુરક્ષાને પોતાની પ્રાથમિકતા ગણાવી હતી.

એરપોર્ટ સત્તાવાળાઓના જણાવ્યા મુજબ હાલ પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ છે. યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન અને નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડએ આ ઘટનાની ગંભીર નોંધ લઈને અકસ્માત કઈ રીતે થયો તેની તપાસ શરૂ કરી દીધી છે.




